**આવકની માન્યતા, અસ્ક્યામતનું વર્ગીકરણ અને એડવાન્સીસને લગતી જોગવાઈઓ ઉપર દૂરદર્શી ધોરણો ઉપર આર.બી.આઈ. પરિપત્ર અનુસારની વિગતો – વર્ગીકરણ (આરબીઆઈ/૨૦૨૧-૨૦૨૨/૧૨૫ ડીઓઆર એસટીઆર આરઈસી ૭૮/૨૧.૦૪.૦૪૮/૨૦૨૧-૨૨), ૧૨ નવેમ્બર, ૨૦૨૧:**

➢ **ઓવરડ્યુ / ડેલીક્વન્ટ / સ્ટ્રેસ એકાઉન્ટ્સ :**

ગ્રાહકોએ રીપેમેન્ટ અનુસુચિ(લોન એગ્રીમેન્ટનો ભાગ)માં ઉલ્લેખ કર્યા મુજબની નિર્ધારિત તારીખે પ્રાપ્ત કરેલી લોન્સ માટે ઇક્વેટેડ (સમાન) માસિક ઇન્સ્ટોલમેન્ટ્સ(ઇએમઆઇ)ની ચુકવણી કરવી જરૂરી છે. જ્યારે ઇએમઆઇની માંગ અનુસાર ગ્રાહક મુદ્દલ અથવા વ્યાજની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય છે, ત્યારે એવા ગ્રાહકોને ઓવરડ્યુ / ડીલીક્વન્ટ / સ્ટ્રેસ એકાઉન્ટ્સ તરીકે ગણવામાં આવે છે.

લાઈટ, ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરોને આવા ડિફોલ્ટ ગ્રાહકોનો ડેટા પ્રસ્તુત કરે છે. ક્રેડિટ બ્યુરો ડેટામાં ઓવરડ્યુ/ડેલીક્વન્સીની ઘટના, ક્રેડિટ બ્યુરો ડેટા ઉપર ગ્રાહકોની શાખ બાબતે નકારાત્મક પ્રભાવ પાડે છે, તેને પરિણામે ભવિષ્યમાં લોન્સ મેળવવા માટેની તકોમાં અવરોધ ઉભો થાય છે. નાણાકીય સંસ્થાઓ આવા ગ્રાહકોને જોખમી ગ્રાહકો તરીકે ધ્યાનમાં લે છે.

➢ **સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ (એસએમએ)**

નિયમનો અનુસાર, નાણાકીય સંસ્થાઓએ સ્ટ્રેસ(તણાવ)ના પુરાવાના આધારે ફ્લેગ લોન્સ એકાઉન્ટ્સ તરીકે ગણવા જરૂરી છે. આવી કોઇ પણ ફ્લેગીંગ કેટેગરીને સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ્સ કહેવામાં આવે છે.

➢ **એસએમએ કેટેગરીઓના વર્ગીકરણ માટેનો આધાર નીચે મુજબ છે :**

| **રીવોલ્વીંગ સુવિધાઓ સિવાયની લોન્સ** | | **કેશ ક્રેડિટ / ઓવરડ્રાફ્ટ જેવી રીવોલ્વીંગ સુવિધાઓના પ્રકારમાં લોન્સ** | |
|---|---|---|---|
| એસએમએ સબ-કેટેગરીઓ | વર્ગીકરણનો આધાર – મુદ્દલ અથવા વ્યાજની ચુકવણી અથવા ઓવરડયુની સંપૂર્ણ અથવા આંશિક અન્ય કોઈ રકમ | એસએમએ સબ-કેટેગરીઓ | વર્ગીકરણનો આધાર – મંજૂર કરેલી લિમિટ અથવા ઉપાડવાની શક્તિ જે કોઈ પણ સમયગાળામાં ઓછી હોય તે પૈકી વધુ રકમ બાકી સિલક તરીકે નિરંતરપણે રહેઃ |
| એસએમએ-૦ | ૩૦ દિવસો સુધી | એસએમએ-૧ | ૩૦થી વધુ દિવસો અને ૬૦ દિવસો સુધી |
| એસએમએ-૧ | ૩૦ કરતાં વધુ દિવસો અને ૬૦ દિવસો સુધી | એસએમએ-૨ | ૬૦ કરતાં વધુ દિવસો અને ૯૦ દિવસો સુધી |
| એસએમએ-૨ | ૬૦ કરતાં વધુ દિવસો અને ૯૦ દિવસો સુધી | | |

➢ **સ્પેશ્યલ મેન્શન એકાઉન્ટ (એસએમએ) અને નોન-પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) તરીકે ગ્રાહક ખાતાનું વર્ગીણકરણ :**

જ્યારે લોન ઇન્સ્ટોલમેન્ટ(મુદ્દલ અને/અથવા વ્યાજ)ની ચુકવણી ૯૦ દિવસથી વધુ દિવસો માટે બિનચુકવાયેલી રહે છે ત્યારે એકાઉન્ટને પ્રવર્તમાન આરબીઆઈ પરિપત્રો અનુસાર નોન-પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરવાનું રહેશે, આમ એકાઉન્ટને અસલ ચુકવણી તારીખથી નિરંતર ડિફોલ્ટના ૯૧મા દિવસે એનપીએ તરીકે ચિહ્નિત કરવામાં આવશે.

એકાઉન્ટને એનપીએ તરીકે વર્ગીકૃત કરવા માટેની બાબત સ્પષ્ટ કરવા માટે નીચે એક દૃષ્ટાંતરૂપ ઉદાહરણ આપવામાં આવ્યું છે :

જો લોનની ચુકવણી ૩૧ માર્ચ, ૨૦૨૨ હોય અને ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ દિવસની પ્રક્રિયાના અંત પહેલાં જો સંપૂર્ણ બાકી રકમ (મુદ્દલ અને વ્યાજ) પ્રાપ્ત ન થાય ત્યારે ૩૧ માર્ચ, ૨૦૨૧ને ઓવરડ્યુ તારીખ તરીકે ગણવાની રહેશે.

જો એકાઉન્ટ, ઓવરડ્યુ રહેવાનું ચાલુ રહે ત્યારે ૩૦મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ દિવસની પ્રક્રિયાના અંત સુધીમાં એકાઉન્ટને એસએમએ-૧ તરીકે ચિહ્નિત કરવાનું રહેશે, જેમ કે, ૩૦ દિવસની સમાપ્તિ સુધી નિરંતર ઓવરડ્યુ રહે. તદ્નુસાર, તે એકાઉન્ટ માટે એસએમએ-૧ વર્ગીકરણની તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૧ રહેશે.

એજ રીતે, જો એકાઉન્ટ ઓવરડ્યુ રહેવાનું ચાલુ રહે ત્યારે ૩૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ દિવસની પ્રક્રિયાના અંત સુધીમાં એકાઉન્ટને એસએમએ-૨ તરીકે ચિહ્નિત કરવાનું રહેશે અને જો તે ઓવરડ્યુ રહેવાનું આગળ ચાલુ રહે ત્યારે ૯૦ દિવસોની સમાપ્તિ ઉપર એટલે કે ૨૯ જૂન, ૨૦૨૧ના રોજ દિવસની પ્રક્રિયાના અંત સુધીમાં એકાઉન્ટને એનપીએ તરીકે વર્ગીકૃત કરવાનું રહેશે.

- **એનપીએ એકાઉન્ટનું નિયમિત એકાઉન્ટમાં અપગ્રેડેશન :**

એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલા એક લોન એકાઉન્ટને ચઢી ગયેલાં વ્યાજ અને મુદ્દલની ચુકવણી ઉપર જ ધોરણસરની અસ્ક્યામત તરીકે અપગ્રેડ કરી શકાય.